©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, JULY 16, 2026 / ASADHA 25, 1948 [No. 29

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1773-1798	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	57
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	29	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	747-776

પોલીસ કમિશ્નર દ્વારા

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. ::

ક્રમાંક: એસ.બી./ સરકારી કચેરીઓમાં અનઅધિ. વ્યક્તિ પ્રવેશ-પ્રતિબંધ / ૨૩૪ /૨૦૨૫.-પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમા આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતીઓ કરી રહેલ હોવાનું પોલીસના જેવો લોગોં મુકી સમાચારપત્રો, આઇકાર્ડ કે વિઝીટીંગ કાર્ડ રાખી સરકારી કર્મચારી કે અધિકારી હોવાનો સમાજમાં ખોટો ભ્રમ ઉભો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી આમ જનતાને ગુમરાહ

કરતા હોય છે. તથા NGO કે અન્ય સંસ્થાઓ કે જે કાયદેસર રીતે કાર્યરત છે. તેમના નામે કર્મચારીઓને હેરાનગતી કરવાના ઈરાદે અથવા આમ જનતાને ખોટી ઓળખ આપી ખોટા કાર્ડ છપાવી/ બતાવીને પોતે આવી સંસ્થા સાથે સંકળાયેલા હોવાનો ભ્રમ ઉભો કરી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ કેટલાક ઈસમો અનધિકૃત રીતે NGO કે અન્ય સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થા, રાષ્ટ્રીય લાંચરુશ્વત વિરોધી સંસ્થા વગેરેના સરકારી કર્મચારી કે અધિકારી હોવાનું કે તે સંસ્થા સાથે સંકળાયેલ હોવાનું જણાવીને છેતરપીંડી કરતા હોય છે. અને લોકો તેમને સરકારી કર્મચારી/ અધિકારી ગણી છેતરાઈ જાય છે.

::હુકમ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હુકમ કરું છું

પોલીસ કમિશ્નર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણેની તમામ સરકારી કચેરીઓ તમામ પોલીસ સ્ટેશનો તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે, ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનધિકૃત વચેટીયા તરીકે કામ કરતાં ઈરાદો રાખતા આવા વ્યકિત ઓ/ઈસમોના પ્રવેશ ઉપર તથા NGO કે તેના જેવી સંસ્થાઓના નામે કાર્ડ છપાવી/બતાવીને સરકારી કર્મચારી/ અધિકારી હોવાનો ભ્રમ ઉભો કરી NGO કે તેના જેવી સંસ્થાઓ જોડે સંકળાયેલા હોવાનું જણાવી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ છેતરપીંડી કરતા વ્યક્તિઓ/ઈસમો પર પણ પ્રતિબંધ ફરમાવુ છું.

-:અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધીનો રહેશે.

-: અમલવારીનો વિસ્તાર:-

સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-::શિક્ષા::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૧/૧૨/૨૦૨૬ ના રોજ મેં મારી સહી તથા સિક્કા કરી આપેલ છે

:: **જાહેરનામું** ::

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ::-

ક્રમાંક: એસ.બી /ડ્રોન કેમેરા/૨૩૫ /૨૦૨૫.-પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓ ના પત્રક્રમાંક જી.-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ ક્રિટિકલ અને સ્ટ્રેટેજીક મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનને રેડ, યલો ઝોન કે ગ્રીનઝોનમાં વિભાજીત કરેલા જેને અપ્રૂવ કરેલાની માહિતી અત્રે મોકલેલ છે. અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, દરિયાકિનારાના વિસ્તારમાં, હજીરા પોર્ટ, વી.આઈ.પી / વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા સુરત શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન- કુલ: ૪૪ અને યલ્લો ઝોન કુલ: ૭૭ મળી કુલ: ૧૨૧ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ (RPAS) DRONE–UAV અંગેની ડાયરેક્ટર જનરલ સિવિલ એવિએશન, ભારત સરકારનાઓની ગાઈડલાઈન મુજબ DRONE–UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઈપણ સમયે DRONE–UAV ઉડાડવા માટે લાગતા વળગતા અરજદાર / ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા ડીજીસ્કાય એપ (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઇ DRONE–UAV ઉડાડવાની કાર્યવાહી કરવાની રહેશે તથા DRONE–UAV ઉડાડવા માટેની પ્રવર્તમાન સમયમાં સિવિલ એવિએશનની ગાઇડલાઇન ધ્યાને લેતા DRONE–UAV ના ઓપરેટર / સંચાલકશ્રી એ રેડ ઝોનના વિસ્તાર માટે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, તથા મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન, ભારત સરકારશ્રી તથા યલ્લો ઝોનના વિસ્તાર માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની પરવાનગી લેવાની રહેશે. તેમજ ગ્રીન ઝોન વિસ્તારમાં DRONE -UAV ઉડાડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે

:: **હુકમ** ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત કૃત્યો

સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આU.A.V (Unmanned Aerial Vehicle) ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION) DGSKY એપ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે અને એરપોર્ટના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં, દરિયાકિનારાના ૫૦૦ મીટરના આગળના ભાગે આવેલ જમીન ઉપરના ગ્રાઉન્ડ સ્ટેશનના ફીક્ષ્ડ પ્લેટફોર્મના વિસ્તારમાં " નો U.A.V (Unmanned Aerial Vehicle) ફલાય ઝોન " જાહેર કરુ છુ. તેમજ નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના U.A.V (Unmanned Aerial Vehicle) નો ઉપયોગ કરતાં પહેલા અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. તેમજ ડ્રોન કે અન્ય U.A.V (Unmanned Aerial Vehicle) સંસાધન કોઈને ભાડે આપવામાં આવે તેની જાણ અગાઉથી ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કરવાની રહેશે.

પ્રવર્તમાન સ્થિતીને અનુસંધાને સુરત શહેરની સુરક્ષાની બાબત ધ્યાને લેતા આ જણાવેલ વિગતોનુ કોઈપણ વ્યક્તિ / અરજદાર / એજન્સી ઉલ્લંઘન કરતા જણાઈ આવશે તો તેઓ વિરૂધ્ધ BNS (223) કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

: આજ તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
1	2	3	4	5	6	7	8	9
284	1	Airport	Opp.Gaviyar bus stand,surat Dumas road,surat	e	Red	21.119605	72.744581	3 km distance from perimeter.
285	2	ONGC,Hazira Plant	Near Bhatpore,Besides ONGC,Bridge, Bhatpore Road,Tal.choryasi,Dis.Surat.	j	Red	21.15636	72.739572	2 km distance from perimeter
286	3	Kribhko Company	Kavas Hazira Road,Near NTPC CO.Hajira Road,Tal:Choryasi Dist:Surat	m	Yellow	21.173144	72.708514	100mtr distance from perimeter
287	4	Indian oil Corporation Ltd. Terminal	IOC Road,Ichhapor,Tal:Choryasi,Dist:surat	j	Red	21.177607	72.718269	2 km distance from perimeter
288	5	220 K.V.And 66 K.V.Sub station Ichhapor	ONGC Char rasta,Ichhapor gam,surat.	j	Red	21.186286	72.715935	100mtr distance from perimeter
289	6	Bharat Petroleum Corporation Ltd(BPCL Depo)	IOC Road,Ichhapor,Tal:Choryasi,Dist:surat	j	Red	21.186286	72.715935	2 km distance from perimeter
290	7	Hindustan Petroleum Corporation Ltd(HPCL,Terminal)	IOC Road,Ichhapor,Tal:Choryasi,Dist:surat	j	Red	21.183481	72.717416	2 km distance from perimeter
291	8	Gail India Ltd.	ONGC Road,Bhatpor GIDC,Tal:choryasi Dist:Surat	j	Red	21.183481	72.717416	2 km distance from perimeter
292	9	Bharat Petroleum Corporation Ltd(Botling plant)	ONGC Road,Bhatpor GIDC,Tal:choryasi Dist:Surat	m	Red	21.170592	72.733985	100mtr distance from perimeter
293	10	GSPCL(Gujarat gas)	Mora-Hajira Road,Mora Gam,Tal:Choryasi Dist:Surat	m	Red	21.180836	72.692516	100mtr distance from perimeter
294	11	Hindustan Petroleum Corporation Ltd (LPG,Bottling Plant)	ONGC Road,Ichhapor,Tal:choryasi Dist:Surat	m	Red	21.183341	72.724148	500mtr distance from perimeter
295	12	Indian oil Corporation Ltd,(LPG,Bottling plant)	ONGC Road,Ichhapor,Tal:choryasi Dist:Surat	m	Red	21.156974	72.740097	500mtr distance from perimeter
296	13	Heavy Water Plant	Kavas Hajira Road, Tal:Choryasi,Dist:Surat	j	Red	21.169003	72.709227	100mtr distance from perimeter
297	14	All India Radio Akashwanu Kendra	Nr.Ramji Temple, Bhatar Road,Surat	m	Yellow	21.172795	72.817622	100mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
298	15	Multi Storeyed Building(Bahumali Building)	Nanpura,Oppo.Family Court,Athwalines,Surat	m	Yellow	21.18807	72.81159	100mtr distance from perimeter
299	16	Ekta Circle Communal Point	Ekta Circle ,Machhiwad Nanpura surat	m	Yellow	21.19008	72.81798	500mtr distance from perimeter
300	17	Mahavir Hospital	Near Old RTO Office,RTO Traffic Circle,Ring Road, Surat	m	Yellow	21.18434	72.81376	100mtr distance from perimeter
301	18	Girish Group Hospital	Shankheshwar Complex,Near Kalash Circle, Kailashnagar,majuragate,Surat.	m	Yellow	21.18545	72.81971	100mtr distance from perimeter
302	19	Torrent Power Station	Shankheshwar Complex,Near Kalash Circle, Kailashnagar,majuragate,Surat.	m	Red	21.18473	72.81968	100mtr distance from perimeter
303	20	Sagar Hotel Communal Point	Near Sagar Hotel,Gujarat Mitra Press Chowk Bajar,surat.	m	Yellow	21.19509	72.82001	500mtr distance from perimeter
304	21	Fisali Masjid Communal Point	Fisali Masjid,Oppo.Pakhaliwad,Badekhan Chakla,Nanpura,Surat.	m	Yellow	21.1933	72.82129	500mtr distance from perimeter
305	22	Khwaja Dana Dargah	Oppo. Badekhan Chakla,Police Chawki, surat.	g	Yellow	21.19125	72.82219	100mtr distance from perimeter
306	23	Machhivad Circle Communal Point	Near Khwaja Dana Dargah, Machhivad,Nanpura,surat	m	Yellow	21.19071	72.8202	500mtr distance from perimeter
307	24	Kadarshani Nal Communal Point	Kadarshani Nal,Near Kailashnagar,Nanpura,Surat.	m	yellow	21.18774	72.81912	500mtr distance from perimeter
308	25	Talawadi Communal Point	Near Rajashri Hall,Beside Bottle Neck Circle,Sagrampura Main Road,Talawadi,Surat	m	yellow	21.18667	72.82304	500mtr distance from perimeter
309	26	Jamrukh Gali Communal Point	Near Timliya Wad,Nanpura,Surat.	m	yellow	21.1895	72.811668	500mtr distance from perimeter
310	27	Pani ni Bhit Communal Point	Near Bhagatalav-Gopipura Road,Pani Ni Bhit,Surat	m	yellow	21.19614	72.82346	500mtr distance from perimeter
311	28	Prasar Bharti High Power 66KV	Vanz Road Sachin,Surat	j	Red	21.0877202	72.8875468	100mtr distance from perimeter
312	29	GEB Sub Station	Hojiwala Indusrial,Road No.10,Sachin	j	Red	21.077228	72.8871776	100mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
313	30	Telephone Exchange	Near Aperel Park,Sachin,Surat	m	Yellow	21.077228	72.8871776	100mtr distance from perimeter
314	31	Gujarat Electricity Board	Surat	j	Yellow	21.1697723	72.8698789	100mtr distance from perimeter
315	32	SMC Water Distribution Center Dumbhal Surat	Dumbhal Surat	j	Yellow	21.1843758	72.8535957	100mtr distance from perimeter
316	33	SMC Water works plant	Ugat Gam,Bhestan Road,Rander,Surat	J	Yellow	21.22099	72.78185	100mtr distance from perimeter
317	34	SMC Rander Drainage Pumping	Rander,Surat	m	Yellow	21.21702	72.79494	500mtr distance from perimeter
318	35	BSNL Diviosional Office(Vibhagiya kacheri)	BSNL Zonal Office,Azramar chawk,Anandmahal Road,Surat.	m	Yellow	21.19339	72.79871	100mtr distance from perimeter
319	36	SMC Sanchalit Sewage Treatment Plant	Bhestan Gam,Rander,Surat.	m	Yellow	21.2205	72.76725	100mtr distance from perimeter
320	37	Surat Municipal Corporation Main Office muglisara surat	SMC Administration Building,Opp.LIC Building, muglisara Road surat	m	Yellow	21.198729	72.8214524	100mtr distance from perimeter
321	38	Chok Char Rasta Surat	Chok Bajar Char Rasta,Chok Bajar,surat	m	Yellow	21.19683	72.82486	100mtr distance from perimeter
322	39	Lalgate Chauta bridge,Surat	Lalgate main Road, Chok to Bhagal Road,Surat.	m	Yellow	21.19859	72.82486	50mtr distance from perimeter
323	40	Bhagal Char Rasta,surat	Bhagal Char Rasta, Bhagal surat	m	Yellow	21.19766	72.82929	100mtr distance from perimeter
324	41	Haripura Gumbajvali Masjid Main Road,Surat.	Haripura,Hasanji Tekro,Haripara,Surat.	g	Yellow	21.20203	72.82957	100mtr distance from perimeter
325	42	Hodi Bunglow Surat	Hodi Bunglow,Near variyavi Bazar,Surat.	m	Yellow	21.20665	72.82479	100mtr distance from perimeter
326	43	Chintamani Jain Derasar,Shahpo,surat.	Mugli Sara Main Road, Shahpor Road,surat.	g	Yellow	21.20241	72.82186	100mtr distance from perimeter
327	44	Vanki Bordi Ranitalav Surat	Vanki Bordi,Saiyadapura,Ranitalav,Surat.	m	Yellow	21.20126	72.82605	100mtr distance from perimeter
328	45	Machhalipi th Shahpor,Surat	Machhalipith Shahpor,Surat	m	Yellow	21.19984	72.82441	100mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
329	46	Gujarat Water Supply Board Gujarat.	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Yellow	21.257037	72.807293	100mtr distance from perimeter
330	47	Energy Transmission Corporation Limited	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Red	21.25464	72.80715	100mtr distance from perimeter
331	48	Rama Paper Mill Water Pump,Variyav	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Yellow	21.25464	72.80715	100mtr distance from perimeter
332	49	National Thermal Power Corporation Limited Water Pump.	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Red	21.250528	72.802393	2KM distance from perimeter
333	50	ONGC Water Pump variyav	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Yellow	21.248982	72.801409	100mtr distance from perimeter
334	51	ESSAR Water Pump Variyav	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Yellow	21.254039	72.806482	100mtr distance from perimeter
335	52	Reliance Water Variyav	Near Tapi River Variyav Road,Jahangirpura,SUrat.	j	Yellow	21.250993	72.802777	100mtr distance from perimeter
336	53	66KV GEB Sub Station,Punagam	Near Shubhash Nagar, 66KV GEB Sub Station,Punagam,Surat	j	Red	21.1956078	72.8651558	100mtr distance from perimeter
337	54	Electronics Station (Torrent Power Station)	Near Amazia Park, Torrent Power Station,Puna Gam,Surat.	j	Yellow	21.1848073	72.8365929	100mtr distance from perimeter
338	55	Ring Road Fly Over Bridge	Textile Market,Ring Road Fly Over Bridge,Man Darwaja-Railway Station,Surat.	m	Yellow	21.19003	72.8417626	50mtr distance from both the sides and ends
339	56	Telegram Telephone Exchange	Nera Millenium Market,Kamela Darwaja,Ring Road,Surat.	m	Yellow	21.1890203	72.8416501	100mtr distance from perimeter
340	57	GAS Based Power Station	Near VIP Circle,Utran,Surat.	j	Red	28.62593	77.25247	500mtr distance from perimeter
341	58	NTPC Company	Kavas Gam, Hajira Road,Tal:Choryasi,Dist:Surat.	j	Red	21.17702	72.68862	2km distance from perimeter
342	59	Reliance Company	Near Mora Tran Rasta,Hajira Road,Tal:Choryasi,Dist: Surat	j	Red	21.162504	72.675683	2km distance from perimeter
343	60	GSEG Company	Near Crain Energy Tran Rasta,Hajira Road, Tal:Choryasi,Dist: Surat.	m	Red	21.16418	72.66199	100 distance from perimeter
344	61	Essar Company	Hajira Gam,Tal:Choryasi,Dist: Surat	j	Red	21.10818	72.65239	2km distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
345	62	Sun Petro Chemical Limited Company	Hajira Gam,Opp.Adani Port,Tal:Choryasi,Dis:Surat.	m	Red	21.08676	72.64011	100mtr distance from perimeter
346	63	Hajira Adani Port Pvt.Ltd.	Hajira Gam,Besides Cell Co.Hajira Bypass Road,Tal:Choryasi,Dist:Surat.	j	Red	21.07456	72.64336	2km distance from perimeter
347	64	CELL And LNG Port Ltd Hajira	Hajira Gam,Besides Adani Port Hajira Bypass Road,Tal:Choryasi,Dist:Surat.	j	Red	21.0972	72.62446	2km distance from perimeter
348	65	Vedanta Tra Ltd.	Suvali Beach Road,Opp.L&T Co.Gate No.11,Tal:Choryasi Dist: Surat.	m	Red	21.16695	72.65049	100mtr distance from perimeter
349	66	L&T Company	Near Crane Energy Tran Rasta,Hajira Road,Tal:Choryasi,Dist:Surat.	j	Red	21.16006	72.64936	2km distance from perimeter
350	67	GEB Sub-Station 66 Kv,kapodra	Behind DGVCL Rural Circle Office,Kapodra Char Rasta,Surat	j	Red	21.2183517	72.8679788	100mtr distance from perimeter
351	68	BSNL Telephone Exchange Kapodra	Near Skylark Shopping,Centre Besides mamta Circle,Laxmanagar Road,Kapodara,Surat.	m	Yellow	21.2183601	72.8749939	100mtr distance from perimeter
352	69	BSNL Telephone Exchange Kapodra	Near Skylark Shopping,Centre Besides mamta Circle,Laxmanagar Road,Kapodara,Surat.	m	Yellow	21.2183601	72.8749939	100mtr distance from perimeter
353	70	S.M.C Wari Gruh Water Plant, Kapodra	Opp.Nana Varachha Chikuwadi CNG pump,Nana Vrachha,Kapodra,Surat.	j	Yellow	21.2227327	72.882378	100mtr distance from perimeter
354	71	Hirabaug Circle Kapodra Surat	Hirabaug,Varachha Main Road,Surat.	m	Yellow	21.2134623	72.8824515	100mtr distance from perimeter
355	72	Kiran Restaurant Area Kapodra	Kiran Chowk Near Puna Simada, Road Yogichowk,Surat.	m	Yellow	21.2134623	72.8809893	100mtr distance from perimeter
356	73	Kargil Chowk Kapodra	Kargil Chowk Char Rasta,Puna Gam,Surat.	m	Yellow	21.2108477	72.8757374	100mtr distance from perimeter
357	74	Nana Varachha Kapodra	Nana Varachha Area,Kapodra,Surat.	m	Yellow	21.2258485	72.8894245	100mtr distance from perimeter
358	75	Sardar Bridge Gujarat Gas Circle	Sardar Bridge,Athwalines-Adajan Road Bridge- Adajan, Surat.	m	Yellow	21.19285	72.80381	50mtr distance from both the sides and ends.
359	76	Energy Tranmission Corporation Limited	Pal Gam,Surat.	j	Red	21.195682	72.783174	100mtr distance from perimeter
360	77	BSNL Adajan	Anand Mahal Road, Adajan, Surat.	m	Yellow	21.193587	72.795651	100mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
361	78	BSNL	Krushna Kunj Society, Palanpura Patiya,Adajan,Surat.	m	Yellow	21.209193	72.789176	100mtr distance from perimeter
362	79	B.A.P.S Pramukh Swami Hospital	Adajan Char Rasta Adajan Surat.	m	Yellow	21.189593	72.798216	100mtr distance from perimeter
363	80	Gujarat Water Supply Board	Pal Gam, Surat.	j	Yellow	21.199437	72.777812	100mtr distance from perimeter
364	81	Central Bus Station Delhi Gate	Near Delhi Gate,Opp.Surat Railway Station,Surat.	m	Yellow	21.204018	72.839709	100mtr distance from perimeter
365	82	Railway Station	Near Delhi Gate,Opp.Surat Central Bus Stand,Surat.	m	Yellow	21.205068	72.840705	100mtr distance from perimeter
366	83	BSNL Office	Golden Point,	m	Yellow	21.19967	72.841385	100mtr distance from perimeter
367	84	Torrent Power A	Cinema Road,Near Kuberji Textile,Station Road, Surat.	j	Red	21.20004	72.837991	100mtr distance from perimeter
368	85	Torrent Power B	Near Gopinath Diamond,Vasta Devadi Sub Station, Vasta Devadi Road, Surat.	j	Red	21.211866	72.833586	100mtr distance from perimeter
369	86	Sumul Dairy	Sumul Dairy Road,Near Sardarnagar Society,Station To Katargam Road,Surat.	m	Yellow	21.216843	72.8404199	100mtr distance from perimeter
370	87	Post Office	Cinema Road,Near Mahidharpura, Police Station,	m	Yellow	21.198066	72.8337601	100mtr distance from perimeter
371	88	Torrent Power Limited F.G.I 220 KV	Singanpor,Near Dabholi Bridge, Dabholi,Surat	j	Red	21.2335916	72.8032329	100mtr distance from perimeter
372	89	Torrent Power Limited F.2 66 KV	Near Madhav Bag Society,Bharimata Road,Surat.	j	Red	21.2180818	72.8134312	100mtr distance from perimeter
373	90	Ved Darwaja	Ved Road,Ved Gam,Surat.	m	Yellow	21.21579	72.82313	500mtr distance from perimeter
374	91	Singanpor Char Rasta	Singanpor Gam, Singanpor,Surat.	m	Yellow	21.22486	72.8213	500mtr distance from perimeter
375	92	Dabholi Char Rasta	Dabholi Gam, Dabholi,Surat	m	Yellow	21.2306	72.82153	500mtr distance from perimeter
376	93	Singanpor Gam,	Singanpor Gam, Singanpor Surat	m	Yellow	21.22541	72.80692	500mtr distance from perimeter
377	94	Causeway Circle	Megh maya Chowk, Singanpor Gam, Singanpor Surat	m	Yellow	21.22099	72.8081	500mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
378	95	Rahemat Nagar Pandol Area	Opp.Pandol Police Chowkey,Ved Road,Surat.	m	Yellow	21.21504	72.81842	500mtr distance from perimeter
379	96	Torrent Power E Receiving Station	L H Road,Dahya Park Soc, Varachha, Surat.	j	Red	21.20407	72.85974	100mtr distance from perimeter
380	97	Reliance SPM	3 Noticle Mile West From Suvali Beach,Hajira,Surat(Beach is Under Hajira,Ps Juridiction)	m	Red	21.˚06’00”N	72.˚37’00”E	2KM distance from perimeter
381	98	Laxmi Oil(A) Filing	5-6 Noticle Mile West From Hajira Adani Port is under Hajira Ps Juridiction)	m	Red	21.˚03’940”N	72.˚31’61”E	500mtr distance from perimeter
382	99	Laxmi Oil(B) Filing	5-6 Noticle Mile West From Hajira Adani Port is under Hajira Ps Juridiction)	m	Red	21.˚06’20”N	72.˚31’06”E	500mtr distance from perimeter
383	100	Gauri Oil Filling	5-6 Noticle Mile West From Hajira Adani Port is under Hajira Ps Juridiction)	m	Red	21.˚01’90”N	72.˚33’20”E	500mtr distance from perimeter
384	101	Shell Company	Hajira Gam,Besides Adani Port,Hajira Bypass Road,Tal:Choryasi,Dist: Surat.	m	Red	21.˚06’580”N	72.˚39’648”E	100mtr distance from perimeter
385	102	Sun Chemicals(Gas)	1.75 Noticle Mile From Adani Port, Hajira, Surat.	m	Red	21.˚03’67”N	72.˚36’912”E	100mtr distance from perimeter
386	103	Adani Company	Hajira Gam,Besides Cell Co.Hajira Bypass Road,Tal:Choryasi,Dist:Surat.	j	Red	21.˚04’95”N	72.˚37’64”E	2KM distance from perimeter
387	104	Essar Sea Port	Besides Marine Police Station,Hajira,Surat.	j	Red	21.˚05’24”N	72.˚39’04”E	2KM distance from perimeter
388	105	L&T Company	Hajira Road,Near Crane Energy Tran Rasta,Tal: Choryasi,Dist: Surat.	j	Yellow	21.˚09’34”N	72.˚40’11”E	2KM distance from perimeter
389	106	Reliance Company	Near Mora Tran Rasta,Hajira Road,Tal:Choryasi, Dist: Surat	j	Yellow	21.˚09’45”N	72.˚40’51”E	2KM distance from perimeter
390	107	Kribhco Company	Near NTPC Co.Kavas-Hajira Road,Surat.	m	Yellow	21.˚09’77”N	72.˚42’69”E	100mtr distance from perimeter
391	108	Light House	Hajira Gam,Lakdawala Street,Hajira, Surat.	m	Yellow	21.˚05’52”N	72.˚38’54”E	100mtr distance from perimeter
392	109	V.t.M.S	Besides Marine Police Station,Hajira Surat.	j	Yellow	21.˚05’74”N	72.˚39’04”E	100mtr distance from perimeter

Sr.No.	Unit Sr. No.	Name of place	Full Postal Address	Remmendation as per point no.4 of SOP of MHA dated 16/12/2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov.2018
393	110	Police Wireless And TP Center	Police Headquarter Athwalines Surat	j	Yellow	21.18312	72.81444	100mtr distance from perimeter
394	111	Police Commissioner Athwalines Surat	Opp.Police Headquarter Athwalines Surat	j	Yellow	9.052613	99.11545	100mtr distance from perimeter
395	112	District And Sessions,New Court Building Weekly Surat	Besides Collector Bunglow, Athwalines Road, Surat	c	Yellow	21.17	72.81444	100mtr distance from perimeter
396	113	Ayker Bhavan (Income Tax Building)	Majura Gate Near LB Turning Road,Opp. Majura Fire Station Surat	j	Yellow	9.052613	99.11545	100mtr distance from perimeter
397	114	Surat City SMC Party Plot	Athwalines Sewage Pumping Station Surat.	j	Yellow	21.178205	72.803925	100mtr distance from perimeter
398	115	Surat City SVNIT North Sewage Pumping Station, Surat.	SVNIT College Campus, SVNIT College,Ichhanatha Road, Surat.	j	Yellow	9.052613	99.115455	500mtr distance from perimeter
399	116	Piplod Pumping Station	Near By Rajhans Cinema,Piplod Road, Surat.	j	Yellow	41.94537	87.706635	500mtr distance from perimeter
400	117	SVNIT Tilly Exchange Piplod (Near SVNIT Circle)	SVNIT College Campus, SVNIT College,Ichhanatha Road, Surat.	j	Yellow	21.9525	72.47686	100mtr distance from perimeter
401	118	Rundh Magdalla Telephone Exchange	Rundh Gam, Rundh,Surat Dummad Road,Surat	j	Yellow	21.164821	72.777639	100mtr distance from perimeter
402	119	GEB Sub Station Vesu Village	Vesu VIP Road,DGVCL Piplod Circle Office,Vesu,Surat.	j	Red	21.143354	72.770931	100mtr distance from perimeter
403	120	Bharat Telecommunication Corporation Limites(BSNL)	Majura Gate Exchange,Traffic Children Park,Ghod Dod Road Surat	j	Yellow	24.74678	46.61963	100mtr distance from perimeter
404	121	India Telecommunication Corporation(BSNL)	Karimabad Society, Ghod Dod Road Surat	j	Yellow	14.5448	44.219	100mtr distance from perimeter

---

જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-

ક્રમાંક:એસ.બી./જેલસુરક્ષા/૨૩૬/૨૦૨૫.- ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિક્ત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જામામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારી ના પગલા રૂપે સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાનુ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ નો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઈ સાધનો/ ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં /કરશે નહીં

:: **અપવાદ**::

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજ ના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિ ને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

અમલવારીનો સમય

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ ના સમગ્ર વિસ્તારમા રેહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલ માં) નો સમગ્ર વિસ્તારમાં રેહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા. ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મારા સહી સીક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એસ.બી./ કપલ બોક્ષ / ૨૩૭ /૨૦૨૫. સુરત શહેરના ઘણા વિસ્તારમાં કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા, વિગેરેની આડમાં એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ઉભા કરી તેમા અસામાજિક પ્રવુતિઓ ચાલતી હોય છે. જેમાં અશ્લીલ કૃત્યો, નશીલા કેફી દ્રવ્યોનું સેવન થતું હોવાનું જણાઈ આવેલ છે. એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ની આડમાં ચાલતી પ્રવુતિઓને કારણે નાની વયના યુવક-યુવતિઓ ભોગ બનતા હોય છે. જેનાથી મ્રુત્યુ, રેપ, અને બ્લેકમેઈલીંગના કિસ્સાઓ પણ બનતા હોય છે.જેથી તાત્કાલિક અસરથી પ્રતિબંધિ મુકવો જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.)પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરૂ છું કે,

(૧) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા વિગેરે જગ્યાઓએ એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) કેબિન બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા વિગેરે જેવી જગ્યાએ સ્પષ્ટ રીતે દેખાય તેવી બેઠક વ્યવસ્થા રાખવાની રહેશે.

(૩) ઉપરોક્ત તમામ જગ્યાઓએ સ્પષ્ટ દેખાય તે રીતે CCTV કેમેરા લગાડવાના રહેશે.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-:: **જાહેરનામુ**::-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ :-

ક્રમાંક : એસ.બી./રાજકીય/પ્લેગૃપ-નર્સરી-૧૨ વર્ષથી નાના બાળકો અંગે/ ૨૩૮ /૨૦૨૫ સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવુ જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતા પાસેથી ખંડણી/ફિરોતીના રૂપિયા પડાવવાનાં બાળક સાથે બદકામ કરવાના કે, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતા-પિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ માતા-પિતા સાથે ધરોબો (સંબંધ) કેળવી તેઓની દિનચર્યા એકત્રિત કરી સંબંધિત બાળક સાથે પરિચય કેળવી ત્યારબાદ લલચાવી ફોસલાવી ભણવા અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે, જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી કાયદો વ્યવસ્થા અને શાંતિ-સલામતી જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ/નર્સરી/ શાળાનાં સંચાલકોઓએ રાખવાની રહેશે.

હુકમ

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ/ નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહીતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમરના બાળકોને ઘરેથી શાળાએ મોકલવાના તથા શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડાના વાહનો જેવા કે ઓટોરિક્ષા, મીનીબસ, મારૂતીવાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજીસ્ટેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલિકનું નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર સબંધિત સંસ્થાએ રાખવાના રહેશે.

આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે

અ.નં.	વિગત	
૧	વાહનમાલિકનું નામ સરનામુ/ટે.નં./મો.નં.	
૨	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં./મો.નં	
૩	વાહનનો પ્રકાર તથા રજીસ્ટેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવરનો ફોટો	
૬	ડ્રાઈવર લઈ ને આવતાં તથા જતાં બાળકનું નામ તથા ધોરણ, અને ઉમર ની વિગત	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું, મોબાઈલ/ ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકોર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગૃપ/નર્સરી/શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તોજવાબદાર વ્યકિત વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

:: ઉપરના મુદ્દા નંબર-(૩) અને (૪) ના અંગેની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે. ::

અ.નં.	વિગત	
૧	વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓ ના નામ સરનામાઅને ટે.નં/મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ સરનામું ટે.નં.મો.નં.	
૫	ફોટો	

ઉપરોકત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારી તરફથી માંગણી થયેથી સ્કુલ સત્તાવાળાઓ તે રજુ કરવાના રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએથી છૂટે ત્યારે શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉમરના બાળકોને રવાના કરવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે અને તેના બદલે બીજી કોઈ વ્યકિત બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોપશે અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે અને પોલીસ તરફથી માંગણી થયે રજુ કરવાની રહેશે.

આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે.

અ.નં.	**વિગત**	
૧	વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉમર	
૨	વાલી/અધિકૃત વ્યકિત સિવાય અન્યને બાળક નો કબજો શળામાંથી સોંપવામાં તે વ્યકિતના નામ સરનામા અને અને ટે.નં/મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોક્કસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોકત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાયવર વિગેરે પાસે રાખવાનો હોય છે અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યકિતને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સુચનાનો અમલ કરવાનો રહેશે.

નોધ :-જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવામાં આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાનાં સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે માટે આ અંગેનું બાંહેધરી ખત વાલી/ ગાર્ડીયન ને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતાં હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહી.

અમલવારીનો સમય

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : એસ.બી./મહિલા સુરક્ષા/ ૨૩૯/૨૦૨૫.-કોઈપણ સમાજ ત્યારે સભ્ય જણાય કે જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનુ જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરી-ફરી શકે તે ખુબ જરૂરી છે.

તેમ છતાં કેટલાક અનીષ્ટ તત્વો સ્કૂલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનો ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અમુક કેસોમા બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણ વગર સ્કૂલો/ કોલેજો /ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુ-બાજુ બેસી રહેતા/ઉભા રહેતા ઈસમો(પુરુષો) ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનુ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સ્કૂલ/કોલેજ/ટ્યુશન કલાસીસ /કોચીંગ ઈન્સ્ટીટ્યુટ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ/પુરૂષોએ વાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામા આવે છે.

ઉપરોક્ત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહિ

(૧) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ

(૨) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા આવતા ઓટો તથા વાન, માલિક/ડ્રાઈવરો(જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)

(૩) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ

(૪) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

અમલવારીનો સમય અને વિસ્તાર

આ હુકમનો અમલ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહશે.

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા. ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

:: **જાહેરનામું** ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક: એસ.બી/ CCTV કેમેરા/૨૪૦ / ૨૦૨૫.- આગામી દિવસોમાં વિવિધ તહેવારો અનુસંધાને તેમજ તાજેતરમાં ગુપ્તચર એજન્સીઓ દ્વારા અન્ય રાજ્ય સહિત ગુજરાતમાં પણ આંતકવાદી સંગઠનો તરફથી ખતરાની શક્યતા વ્યક્ત કરેલ છે. તે ઉપરાંત ભુતકાળમાં આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તથા મિલ્કતની જાનહાની કરવામાં આવેલ. ગુપ્ત સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતા ભવિષ્યમાં પણ રહેલી છે.

ઉપરાંત સુરત શહેરમાં વિભિન્ન પ્રકારના લુંટ, ધાડ જેવા ગુનાઓ બનતા હોય છે. જાહેર સ્થળોએ લગાડવા આવેલ સી.સી.ટી.વી કેમેરા આંતકવાદી પ્રવૃતિઓ તેમજ ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઈન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે. જેથી પુરતા પ્રમાણમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી.સી.ટી.વી. ગોઠવવાના રહેશે.

(૧) તમામ બેંકો/ગેર બેન્કીંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર/ રાખનાર દુકાનદારો તથા શો રૂમો.

(૨) શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, ગરબા ક્લાસીસો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ-રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, સામાજીક તથા ધાર્મીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથિગૃહો, જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો.

(૩) મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગિક એકમો, તથા ટોલપ્લાઝા, પેટ્રોલ પંપ, ડીઝલપંપ તથા ગેસ ફીલીંગ સ્ટેશનો તેમજ, નાના- મોટા ધંધાના માલીકો/વહીવટકર્તા ઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે

(૪) મોટા ધાર્મિક સ્થળોના પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ કે અવર-જવર હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્પષ્ટ દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે.

(૬) સોસાયટીઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં અંદર તથા બહારના ભાગે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે.

સી.સી.ટી.વી કેમેરા હાઈડેફીનેશન/ નાઈટવિઝન ધરાવતા સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેર્કોડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરા લગાવવા તથા સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધની તારીખ થી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ એકમો શરૂ કરવાના રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ /ભુતલ પાર્કીંગ એરીયા,તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનોની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/ સંચાલકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવર નું રેકોડીંગ થઈ શકે તે પ્રમાણે ના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર-વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જયારે જયારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનના પો.ઈ.શ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીગ થવું જરૂરી છે. મોલમાં કોઈ કાયદાની પ્રતિબંધિત માલસામાન, સ્ફોટક પદાર્થો આવી જતા નથી. તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ

કરવાની રહેશે.

(૧૧) મોલમાં મોલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪X૭ કલાક જાળવવામાં આવેતે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરાનું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટીવી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :- ૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-: **જાહેરનામું** :-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ:-

ક્રમાંક : એસ.બી./ ટેક્ષટાઈલ માર્કેટ અંગે/ ૨૪૧ /૨૦૨૫.- સુરત શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટમાંથી ચોરી, પાર્સલ ચોરી, ટ્રાન્સપોર્ટર દ્વારા વિશ્વાસઘાત, છેતરપીંડીના બનાવો બને છે. કપડાના વેપારીના ઓછાયા તળે કેટલાક ઠગો ખોટી ઓળખ ધારણ કરી, વેપારી રૂપે ગોઠવાઈ જઈ, વિવર્સ, વેપારી એમ્બ્રોઈડરી કે કાપડની મુલ્યવૃધ્ધિના વ્યવસાયકારોનો વિશ્વાસ કેળવી મોટાપાયે કાવતરૂ રચી ઠગાઈઓ કરે છે. તેના વ્યાપક પ્રત્યાઘાત ભોગ બનનાર વેપારી આલમમાં પડે છે. જે સામુહિક રીતે કાયદો અને વ્યવસ્થા ખોરવવાના બનાવરૂપે તેમજ વ્યક્તિગત રીતે ઘોર નિરાશા સાથે આત્મહત્યાના બનાવ કે વ્યાપારીઓના વિશ્વાસના ભંગ કરતા બનાવમાં વધારા રૂપે શહેરના ટેક્ષટાઈલ વ્યાપારના માહોલને દુષિત કરે છે. આ બાબતથી ચિંતિત અનેક વેપારી સંગઠનોએ ટેક્ષટાઈલ માર્કેટમાં ગેરરીતી અટકાવવા તેઓના પ્રયાસોને કાનુની બળ આપવા અને પ્રત્યક્ષ પોલીસ મદદ આપવા વારંવાર રજુઆતો પણ કરેલ છે. આ બદીના નિવારણ માટે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગર અને મજુરો, વેપારીઓ, કાપડના વિવિધ પ્રકારના દલાલો, ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલ ઈસમો, દુકાન-ગોડાઉન-મકાન ભાડે અપાવતા એસ્ટેટ બ્રોકર્સ વિગેરેની ઓળખ નિયત કરવા, ભાડે થી દુકાન મેળવનાર વેપારી પર સતેજ નજર રાખવા, તેઓની વ્યવસાયની રીતે ગુનાઓની તપાસ વખતે મદદરૂપ થાય તે રીતે ગોઠવવા અને આ સબંધે પોલીસ ઉપરાંત માર્કેટ એસોસીએશન, દલાલ એસોસીએશન, ટ્રાન્સપોર્ટર્સ એસોસીએશન પણ વ્યવસાયની ગરિમા અને વેપારી હીતોના રક્ષણ કરવા, વિવિધ રેકર્ડ જાળવવા અને નીતિમત્તા આધારિત રીતભાતો નક્કી કરી વેપારની ગરિમા જાળવવા સહભાગી બને તે માટે તેમ વિવિધ ટ્રેડર્સને/ ફેડરેશનને કાનુની બળ પુરૂ પાડવું જરૂરી સમજી અમુક નિર્દેપો તત્કાલ જારી કરવા હું આવશ્યક સમજુ છું.

હુકમ

વાસ્તે, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ વેપારી પેઢીઓ અને દુકાનદારોએ પોતાની વિગત આ પેટામાં સામેલ સ્થાનિક પોલીસ સ્ટેશન પરિશિષ્ટ - ૧ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન;, માર્કેટ એસોસીએશનની કચેરી અને સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે..

(૨) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ પ્રકારના દલાલો (Brokers) દા.ત. ગ્રે કાપડ દલાલ, ફીનીશ કાપડ દલાલ, એમ્બોઈડરી દલાલ, યાર્ન દલાલ વિગેરે અને દુકાન મિલકત ભાડે આપનાર દલાલોએ પોતાની સંપૂર્ણ વિગત આ પેટામાં સામેલ પરિશિષ્ટ - ૨ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન, સબંધિત દલાલ એસોસીએશન અને સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે. દરેક દલાલ માટે પોલીસ વેરીફિકેશન કરાવવુ ફરજીયાત રહેશે.

(૩) ટેક્ષટાઈલ વ્યાપારક્ષેત્રે કામ કરતી તમામ પેઢીઓએ પોતાના તમામ કર્મચારીઓની વિગત જાળવી દરેક કર્મચારીની બાયોમેટ્રીક વિગત અને ફોટા સાથેનું ઓળખકાર્ડ આપવાનું રહેશે. આ ઓળખકાર્ડમાં સબંધિત કર્મચારીનું બ્લડગૃપ અને પેઢીના જનસંપર્ક વિભાગનો મોબાઈલ નંબર આપેલ

હોવો જોઈશે. ઓળખકાર્ડ સબંધિત એકમ/માર્કેટની સલામતી વ્યવસ્થા અને ઉપકરણોને અનુરૂપ હોવું જોઈશે. ટેક્ષટાઈલના વિવિધક્ષેત્રે કાર્યરત દલાલો માટેનું ઓળખકાર્ડ સબંધિત દલાલ એસોસીએશન તથા સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન દ્વારા પ્રમાણીત કરેલુ હોવું જોઈએ. દરેક માર્કેટ એસોસિએશન અને વેપારી ગૃહ કે એક થી વધુ વેપારી પેઢી સમાવિષ્ટ કરતા બિલ્ડીંગની વ્યવસ્થા સંભાળનાર મંડળે તે માર્કેટ/ બિલ્ડીંગમાં અને સલામતિ વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ, માર્કેટ જાળવણીનું કામ કરતી એજન્સીના અધિકૃત વ્યક્તિઓ તેમજ મજૂર કે હમાલોને ફોટો ઓળખપત્ર જારી કરવાના રહેશે. આ તમામ ઓળખપત્રો અધ્યતન ટેક્નોલોજી યુક્ત સલામતિ વ્યવસ્થા ઉપકરણોને અનૂરૂપ અને ઓળખપત્ર ધારકની બાયોમેટ્રીક વિગત સાથેના હોવા જોઈશે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

ક્રમાંક:એસ.બી./ઓટો રીક્ષા-ટેક્ષી કેબ/૨૪૨/૨૦૨૫.- સુરત શહેરમાં કેટલાક રિક્ષા/ટેક્ષી કેબના માલિકો પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ ચલાવવા માટે જ્યારે ભાડેથી આપે છે ત્યારે ભાડે રાખનાર ઈસમની વ્યક્તિગત કાયમી ઓળખાણ કે તે ડ્રાઈવીંગ લાયસન્સ અને બેઝ ધરાવે છે કે કેમ ? તેની ખરાઈ, તેના ચારિત્યની ખરાઈ કર્યા વિના તેમજ ક્યા દિવસે કોને રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપેલ ? તેનું રેકર્ડ જાળવ્યા વિના પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ અજાણ્યા ડ્રાઈવરોને ભરોસા આધારે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાનો ધંધો કરે છે.

આ સ્થિતિનો ગેરલાભ લઈ ગુનાહીત માનસ ધરાવતા ઈસમો કે જેઓની પાસે ડ્રાઈવીંગ લાયસન્સ અને રિક્ષા/ટેક્ષી કેબ ચાલક બેઝ 'ન' હોય, તેમજ ભાંગફોડ કે ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય, તેવા અજાણ્યા ઈસમો જાહેર-વ્યવસ્થા કે મુસાફરની સલામતીને સ્પર્શતા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી શકે છે. આ પ્રકારની રિક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે મેળવી ગુનેગાર-તત્વો દ્વારા તેનો શટલ રિક્ષા/ટેક્ષી કેબ તરીકે ઉપયોગ કરી મુસાફરને ગંભીર ઈજા સાથે લૂંટી કે કાવતરાના ભાગરૂપે શટલ સ્વરૂપે રિક્ષા/ટેક્ષી કેબ ચલાવતી વખતે રીક્ષા/ટેક્ષી કેબમાં ચાલક સિવાયના સહમતદારો મુસાફરના સ્વાંગમાં અગાઉથી બેસી વાહનમાં વધારે પેસેન્જર સ્વરૂપે ભીડ ઉભી કરી નિર્દોષ મુસાફરના સામાનમાંથી કે અંગ પરથી કીમતી દાગીના તેમજ રોકડની ચોરી કરી, તેમજ ભરોસો કેળવી કેફી પદાર્થ પીવડાવી દઈ લૂંટી લેવો વિગેરે પ્રકારના ગુના આચરતાનું રેકર્ડ પર નોંધાયેલ છે. આ પ્રકારે સરળતાથી ઉપલબ્ધ થતાં વાહનોનો ઉપયોગ કેફી દ્રવ્યો, દારૂની હેરાફેરી કે સુગઠીત ગુનાખોરી માટે પણ થઈ શકે છે. ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો કે સુગઠીત ગુનાખોરી આચરનાર આ પ્રકારે રીક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે આપનારનો સાધારણ વિશ્વાસ કેળવી કે પોતાની ઓળખ માટેનું ખોટું રેકર્ડ ઉભુ કરી રીક્ષા/ટેક્ષી કેબ ભાડે મેળવી ત્રાસવાદી કે ભાંગફોડની ગતિવિધી માટે વિસ્તારનો સર્વે કરી, આજ વાહનમાં સ્ફોટક-પદાર્થોની હેરાફેરી કરી ભીડવાળાં વિસ્તાર સહિત કોઈપણ સ્થળે સ્કોટક પદાર્થ મુકી ગંભીર પ્રકારના આતંકી હુમલાને પણ આખરી સ્વરૂપ આપી શકે છે. આ શક્યતા ધ્યાનમાં લઈ આ રીતે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાની પ્રવૃત્તિ પર વ્યાજબી નિયંત્રણ મૂકવા જાહેર સલામતીની દ્રષ્ટીએ અતિ આવશ્યક જણાય છે.

આ પ્રકારના ગુનાઓથી આમ-જનતા અને મુસાફરોમાં ભય,ત્રાસ અને અસલામતીની ભાવના પેદા થાય છે. પોલીસ દ્વારા આ પ્રકારના ગુના શોધવા આ પ્રકારના વાહન ચાલકો સામે પગલા લેવામાં આવતા હોવા છતા આ પ્રવૃત્તિનો વ્યાપ વધારે હોઈ સામાન્ય અટકાયતી પગલાં ઉપરાંત નિવારત્મક વિશિષ્ટ કાર્યવાહીની જરૂરીયાત જણાય છે.

વળી, હાલમાં શહેરના માર્ગો પર મુખ્ય અડચણોના કારણોમાં ભાડે રિક્ષા/ટેક્ષી કેબ મેળવી તેનો શટલ રીક્ષા/ટેક્ષી કેબ રૂપે ઉપયોગ કરી આવા ચાલકોની રોડ પર મનસ્વી રીતે અડચણ કે અવરોધરૂપ વર્તણૂંક મુખ્ય જણાઈ છે. તદઉપરાંત, આ પ્રકારના ભાડાના વાહનો ચલાવનાર પોતે લાયસન્સ ધરાવતા 'ન' હોવાથી અકસ્માત કરી ભોગ બનનાર મુસાફર કે રાહદારીની દરકાર કર્યા વિના નાસી જવાની મનોવૃત્તિ ધરાવે છે. વાહનની ભીડ, સ્થળ પર ઉપસ્થિત સાહેદો કે રાહદારીની ઉપેક્ષા વૃત્તિ અને દરેક સ્થળે પોલીસની હાજરી 'ન' હોવાની સ્થિતિનો લાભ લઈ નાસી જવામાં સફળ રહેતા હોય છે. જેનાથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ ઉભા થઈ શકે છે. આવા ભાડે આપવા માટે રાખેલ વાહનના માલીકો પાસે તેને પાર્ક કરવા માટેની જગ્યા પણ હોતી નથી અને તેથી આ વાહનો જાહેર માર્ગ પર પાર્ક થવાને લીધે ટ્રાફીકમાં અવરોધ સાથે જાહેર વ્યવસ્થા પણ ખોરવાય

છે. આમ આ સમગ્ર બાબત ધ્યાન પર લઈ સુરત શહેર વિસ્તારમાં ભાડે આપવામાં આવતી ઓટો રીક્ષા/ટેક્ષી કેબ કાયદાની જોગવાઈથી નિયત કરવા ઉપરાંત તે અંગે વ્યાજબી નિયંત્રણો મૂકવા જરૂરી સમજુ છું.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેરની હદમાં ઓટો રીક્ષા/ટેક્ષી કેબના માલિકોએ પોતાનું વાહન ભાડે આપતી વખતે ભાડે આપનાર વ્યક્તિઓની સંપૂર્ણ માહિતી નીચે દર્શાવેલ શરતોનું સંપૂર્ણ પાલન કર્યા વિના કોઈપણ વ્યક્તિને કોઈપણ સ્વરૂપે ઓટોરિક્ષા/ટેક્ષી કેબ વાહન ભાડે આપી શકશે નહી.

હુકમ

(૧) ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર વ્યક્તિએ પોતાની ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ભાડે લેનાર વ્યક્તિના ફોટો તથા ઓળખપત્ર (આઈ.ડી. પ્રૂફ) સાથેની સંપૂર્ણ વિગત મેળવ્યા પછી અને વાહન ભાડે લેનારના ચારિત્યની ખરાઈ કરાવ્યા પછી જ તેને વાહન ભાડે આપી શકશે. રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિક જ્યારે ભાડે આપે ત્યારે વાહન માલિકે જ્યાં રહેતા હોય, ત્યાંના સ્થાનિક પોલીસ સ્ટેશનને નીચે જણાવેલ ફોરમેટ મુજબની લેખિત વિગતવારની માહીતી જે-તે સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. આ જ ફોર્મેટ મુજબનું એક રજિસ્ટર ઓટો રિક્ષા / ટેક્ષી કેબના માલિકે પોતાની ઓટો રિક્ષા / ટેક્ષી કેબમાં જ તમામ વિગતો અદ્યતન રાખી પો.સ્ટે. અમલદારશ્રીના સહી સિક્કા કરાવી રાખવાનુ રહેશે અને કોઈ પણ પોલીસ અધિકારી / કર્મચારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

અ.નં.	ઓટો રિક્ષા/ ટેક્ષી કેબ માલિકનું નામ અને સરનામું	ઓટો રિક્ષા/ ટેક્ષી કેબ ભાડે આપ્યા તારીખ	ઓટો રિક્ષા/ ટેક્ષી કેબ ચલાવનાર (ડ્રાઈવર)નું નામ, સરનામું (ઓળખ પ્રસ્થાપિત કરતા દસ્તાવેજની નકલ ફાઈલ માં જાળવવાની રહેશે)	ડ્રાઈવરનો તાજો ફોટો, લાયસન્સ, બેઝ ની વિગત	થાણા અમલદારની સહી તથા સિક્કો
૧	૨	૩	૪	૫	૬

(૨) આ પ્રકારે ઓટો રિક્ષા/ટેક્ષી કેબનાં માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે રિક્ષા/ટેક્ષી કેબ ની અંદરના ભાગે ૧૬ ઈંચ×૧૨ ઈંચની સાઈઝનાં બોર્ડમાં રિક્ષા/ટેક્ષી કેબનો રજીસ્ટ્રેશન નંબર અંગ્રેજી ભાષામાં ફરજીયાત લખાવી લગાવવાનું રહેશે. જે રજીસ્ટ્રેશન નંબરના દરેક ફોન્ટની સાઈઝ ૫૦×૧૫ m.m.(મીલીમીટર) ની રાખવાની રહેશે અને રજીસ્ટ્રેશન નંબર વચ્ચેની જગ્યા (સ્પેશ) ૮ m.m. (મીલીમીટર) ની રાખવાની રહેશે.

(૩) આ પ્રકારે ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિકે પોતે જાળવેલ રજીસ્ટરનો ઉતારો દર મહીનાની પાંચ તારીખ સુધીમાં સ્થાનિક પોલીસ સ્ટેશન મારફતે ટ્રાફીક શાખા ની કચેરીને મોકલવાનો રહેશે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ:-

ક્રમાંક:એસ.બી./પથિક સોફટવેર અંગેનું જાહેરનામું/૨૪૩/૨૦૨૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજયો માંથી આવતા આવા તત્વો કોઈ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડ વાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિસંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઇ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઇન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની સુરત શહેર કાઇમ બ્રાંચની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઇડી, પાસવર્ડ મેળવી લઇ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઇન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઇ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની ઓન લાઇન પોર્ટલમાં જણાવેલ તમામ માહીતીની સચોટ એન્ટ્રી કરવી કરવાની રહેશે.

(૨) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનાર વ્યકિતના નામ, સરનામા, ટેલીફોન સહીતના ઓન લાઇનપોર્ટલ મુજબના તમામ નક્કર પુરાવા મેળવવા ના રહેશે.

(૩) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૪) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં તથા ઓન લાઇન પોર્ટલમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૫) આવનાર તમામ મુસાફરોના મોબાઇલ નંબર રજીસ્ટરમાં તથા પોર્ટલમાં નોધવાનો રહેશે. અને મુસાફરનો મોબાઇલ નંબર સાચો છે કે કેમ ? તે બાબતે હોટલના નંબર થી કોલ કરી નંબર સાચો હોવાની ખરાઇ કરવાની રહેશે.

(૬) હોટલ તરફ થી આપવામાં આવતા વાઇફાઇ નો દુર ઉપયોગ ન થાય તેવુ સુનિશ્ચીત કરવાનુ રહેશે. મુસાફર દ્વારા કયા સમયે અને કેટલા સમય માટે કઇ કઇ વેબ સાઇડનો ઉપયોગ કરેલ છે ? કોઇ શંકાસ્પદ માહીતી ડાઉન લોડ કરેલ છે? તે બાબતે જાગ્રુત રહેવુ અને માહીતી કયા ઇલેકટ્રીક ઉપકરણ દ્વારા ઉપયોગમાં લીધેલ છે. તેની માહીતી પોતાની પાસે રાખવી અને શંકાસ્પદ જણાયે પોલીસને જાણ કરવી તેમજ આવી કોઇ માહીતી પોલીસ ધ્વારા તપાસના કામે માંગવામાં આવે ત્યારે આપવાની રહેશે.

(૭) હોટલમાં મુસાફરો રોકાયેલ હોય અને કોઇ બહારની વ્યકિતની વ્યકિત હોટલમાં રોકાયેલ મુસાફરોની મુલાકાતે આવે ત્યારે હોટલમાં મુસાફર મુલાકાતી રજીસ્ટરમાં મુલાકાતીની તમામ નોધ તારીખ ટાઇમ સાથે તથા આઇડી પ્રુફ સાથે કરવાની રહેશે.

(૮) હોટલ માલિકે મુસાફરના સામાન ચેકિંગ માટે બેગેઝ સ્કેનર, ડોરફ્રેમ તથા H.H.M.D. ફરજીયાત રાખવાના રહેશે.

(૯) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમા રેહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :એસ.બી./હોટલ,લોજમાં રોકાણ કરનાર વિદેશી નાગરીકની માહિતી અંગે /૨૪૪ /૨૦૨૫.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્ય માં જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજિસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર રજિસ્ટરમાં નોધવાનો રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :- ૩૧/ ૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક નં :- CSMEHSESH202603345 આથી જાહેર કરવામાં આવે છે કે, (સુચિત) ધી ઉમતા કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મું- ઉમતા તા.વિસનગર જી.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કંસારાકુઈ, દેણપ, હસનપુર, લાકડી, ઉમતા, રંગપુર, ખદલપુર, ગુંજા, ગામો પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તા.૦૭મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક નં :- CSMEHSE202603514 આથી જાહેર કરવામાં આવે છે કે, (સુચિત) ધી ફતેપુરા (ખે) સેવા સહકારી મંડળી લી. મું. ફતેપુરા(ખે), તા.ખેરાલુ જી.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ફતેપુરા (ખે) ગામ પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તા.૨૩મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક નં :- CSMEHSESH202603515 આથી જાહેર કરવામાં આવે છે કે, (સુચિત) ધી ચાણસોલ કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મું.ચાણસોલ, તા.ખેરાલુ જી.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ચાણસોલ મંદ્રોપુર, સાકરી, ડભાડ, મહીયલ ડાવોલ, સાકરી, નંદાલી-મિયાસણા ગામો પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તા.૨૩મી માર્ચ ૨૦૨૬

એસ.એન.ઝાલા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, મહેસાણા

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક નં :- CSMEHSESH202603549 આથી જાહેર કરવામાં આવે છે કે પરત્વે (સુચિત) હેરીટેજ ડ્રીમ સીટી કો.ઓપ.હાઉસીગ સર્વિસ સોસાયટી લી. મું.હેરીટેજ ડ્રીમ સીટી ના.વિ.કન્યા વિદ્યાલય સામે કડા ગાંધીનગર રોડ, વિસનગર તા.વિસનગર જિ.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના વિસનગર ખાતે આવેલ ''હેરીટેજ ડ્રીમ સીટી'' ના માલિકો પુરતું મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા તા.૨૪મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક નં :- CSMEHSAHAA202603550.- આથી જાહેર કરવામાં આવે છે કે પરત્વે (સુચિત) હેરીટેજ ટ્રેડ સેન્ટર કો.ઓપ. હાઉસીગ સર્વિસ સોસાયટી લી. મું.હેરીટેજ ડ્રીમ સીટી ના.વિ.કન્યા વિદ્યાલય સામે કડા ગાંધીનગર રોડ, વિસનગર તા.વિસનગર જિ.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના વિસનગર ખાતે આવેલ ''હેરીટેજ ડ્રીમ સીટી'' ના માલિકો પુરતું મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા તા.૨૪મી માર્ચ ૨૦૨૬

આશુ.કે.રોય
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, મહેસાણા

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક નં :- CSAHDRSAHAA202603462.- આથી જાહેર કરવામાં આવે છે કે સત્સંગ પાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ., મુ.વિરમગામ તા.વિરમગામ, જિ.અમદાવાદ

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૧૭મી માર્ચ ૨૦૨૬

નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :-CSAHDRSAHAA202603463.- આથી જાહેર કરવામાં આવે છે કે હાઈડ પાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ., મુ.ગોરજ, તા.સાણંદ, જિ.અમદાવાદ

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૧૭મી માર્ચ ૨૦૨૬

નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :-CSAHDRSAHAA202603464.- આથી જાહેર કરવામાં આવે છે ધી અક્ષત એલિગન્સ કો-ઓપરેટીવ હાઉસિંગ એન્ડ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લિ., મુ.સીગરવા, તા. દસ્ક્રોઈ, જિ.અમદાવાદ

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૧૭મી માર્ચ ૨૦૨૬

વી.આર.કપુરીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, (હાઉસિંગ)
અમદાવાદ

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ -૧૧૪(૧) અને કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક -જી.એચ. કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક-ફડચ/૦૧/ગ/ ફ-૧૭૪૦૦/ ૧૫૦૧/૨૦૦૯, તા.૨૯/૦૯/૨૦૦૯.

(૪) સબ ઓડીટર, સં.મ.(દુધ) દાંતા-૨ નો તા.૦૪/૦૫/૨૦૦૯ નો અંતિમ ઓડીટ અહેવાલ.

(૫) ફડચા અધિકારીશ્રી, ધી વડવેરા ચોરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.વડવેરા., તા.દાંતા, જિ.બનાસકાંઠાના તા.૩૦/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક : સ.અ./ફડચ/૦૧/ ગ/૧૪૮/૨૦૨૨ થી રજુ થયેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ/૧૦૫/૭૩૮/૨૦૨૬.- ધી વડવેરા ચોરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.વડવેરા., તા.દાંતા, જિ.બનાસકાંઠા કે જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના નોંધણી ક્રમાંક : ૨૧૧૦૫, તા.૨૯/૧૨/૧૯૮૬ થી નોંધાયેલ અને જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના આમુખ-૩ ના તા.૨૯/૦૯/૨૦૦૯ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. જે મુજબ ફડચા અધિકારશ્રીએ તા.૨૬/૦૨/૨૦૧૦ ના રોજ ફડચાનો ચાર્જ સંભાળી ચાર્જ યાદી અત્રે મોકલી આપેલ હતી. ફડચા અધિકારીશ્રીએ ફડચા અન્વયેની કામગીરી પૂર્ણ કરાવીને ઓડીટ અહેવાલ રજુ કરેલ છે. દેવા લ્હેણાનો નિકાલ કરી તેમજ સરવૈયું શુન્ય કરીને તા.૧૬/૦૭/૨૦૨૨ સુધીનું અંતિમ ઓડીટા કરાવી જે અન્વયે ફડચા અધિકારીએ આમુખ-૫ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત પોતાના સ્પષ્ટ અભિપ્રાય સહ રજુ કરેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ દરખાસ્તની વિગતો જોતાં ફડચાની પુર્ણ થયેલ છે. આ મંડળીનું કોઈ સરકારી લેણું બાકીમાં નથી. ફડચા ફી/ઓડીટ ફી સરકારશ્રીમાં જમા કરાવી દેવા-લેણાંની કામગીરી પુર્ણ કરેલ છે.

આમ, ફડચા અધિકારીએ રજુ કરેલ નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત અને વંચાણે લીધેલ આમુખ-૧ની જોગવાઈઓ ધ્યાને લેતાં સદર મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ.આર.ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ બનાસકાંઠા, અમોને વંચાણે લીધા આમુખ ૨ ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ તેમજ પ્રસ્તાવનામા જણાવેલ વિગતો મુજબ, ધી વડવેરા ચોરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.વડવેરા, તા.દાંતા, જિ.બનાસકાંઠા (નોંધણી ક્રમાંક : ૨૧૧૦૫, તા.૨૯/૧૨/૧૯૮૬) ની ગુજરાત સહકારી મંડળી અધિનિયમ; ૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે, આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત જાહેર કરી, સહકારી કાયદાની કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે. સદરહું હુકમ તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાલનપુર તા.૨૫મી માર્ચ ૨૦૨૬

એમ.આર.ત્રિવેદી
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ બનાસકાંઠા
પાલનપુર

નોંધણી ક્રમાંક :-CSMAHSE202603559.- આથી જાહેર કરવામાં આવે છે ધી ઝાલાસાગ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ.ઝાલાસાગ, પો.બચકરીયા, તા.કડાણા, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૨૪મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક :-CSMAHSE202603582.- આથી જાહેર કરવામાં આવે છે ધી અમથાણી સ્વ સહાય મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મુ.પો.અમથાણી, તા.કડાણા, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૨૫મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક :-CSMAHSE202603583.- આથી જાહેર કરવામાં આવે છે ધી મોટીરાઠ સ્વ સહાય મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મુ.પો.મોટીરાઠ, તા.કડાણા, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૨૫મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક :-CSMAHSE202603584.- આથી જાહેર કરવામાં આવે છે ધી મુનપુર સ્વ સહાય મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મુ.પો.મુનપુર, તા.કડાણા, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૨૫મી માર્ચ ૨૦૨૬

નોંધણી ક્રમાંક :-CSMAHSE202603585.- આથી જાહેર કરવામાં આવે છે ધી પઢધરા સ્વ સહાય મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લી. મુ.પો.પઢધરા, તા.કડાણા, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

તા.૨૫મી માર્ચ ૨૦૨૬

ગૌરાંગ.વી.ગરાસીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ મહિસાગર
લુણાવાડા

ક્રમાંક :-CSSURSAHAA202603098.- આથી જાહેર કરે છે કે ધી અવધ હેબીટેટ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ડુમસ, તા.મજુરા, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૬

ક્રમાંક :-CSSURSAHAA202603560.- આથી જાહેર કરે છે કે દેવશ્રી આઈકોનીક કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.વણકલા, તા.અડાજણ, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૪મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક :-CSSURSAHAA202603562.- આથી જાહેર કરે છે કે ક્રિષ્ના વિલા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.કોસાડ, તા.કતારગામ, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૪મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603566.- આથી જાહેર કરે છે કે આકાર હાઈટ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.પાલણપોર, તા.અડાજણ, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૫મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603586.- આથી જાહેર કરે છે કે કૈલાસધામ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.ઈંડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૫મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603587.- આથી જાહેર કરે છે કે અર્જુન લકઝુરીયા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.પુણા, તા.પુણા, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૫મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603589.- આથી જાહેર કરે છે કે દ યુનિટી ટાવર કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.સરથાણા, તા.પુણા, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૨૫મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક : CSSURSACO202603610.- આથી જાહેર કરે છે કે અનુપમ ધ બીઝનેસ હબ કો-ઓપરેટિવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.પુણા, તા.પુણા, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક :CSSURSACO202603615.- આથી જાહેર કરે છે કે લક્ષ્મી માર્કેટ કો-ઓપરેટિવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ. માંડવી, તા.માંડવી, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી માર્ચ ૨૦૨૬

ક્રમાંક :CSSURSAHAA202603638.- આથી જાહેર કરે છે કે શ્રી ક્રિષ્ના વિલા કો-ઓપરેટિવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મુ.પાસોદરા, તા.પુણા, જિ.સુરતને

સને.૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

સુરત તા.૦૧લી એપ્રિલ ૨૦૨૬

એચ. ડી. કાછડ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હા)
સુરત

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ -૧૧૪(૧) અને કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક -જી.એચ. કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક-ફડચ/૦૧/ગ/૨૮૬/ફ-૧૯૯૬૧/૨૦૨૨, તા.૨૪/૦૨/૨૦૨૨.

(૪) ઓડીટર ગ્રેડ-૨, સ.મં.થરાદનો તા.૩૦/૦૬/૨૦૨૦ નો અંતિમ ઓડીટ અહેવાલ.

(૫) ફડચા અધિકારીશ્રી, ધી અભિનવ ભારતી પરિવારના કર્મચારીઓની ધિરાણ-ગ્રાહક સહકારી મંડળી લી. મુ.તેરવાડા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠાના તા.૨૮/૦૨/૨૦૨૩ના પત્ર ક્રમાંક : સ.અ./ફડચ/૦૧/ગ/૨૮૧/૨૦૨૩ થી રજુ થયેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ/૧૦૯/૭૬૨/૨૦૨૬.- **ધી અભિનવ ભારતી પરિવારના કર્મચારીઓની ધિરાણ-ગ્રાહક સહકારી** મંડળી લી. મુ.તેરવાડા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા કે જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના નોંધણી ક્રમાંક : ૧૯૨૯૨, તા.૦૩/૦૧/૧૯૮૬ થી નોંધાયેલ અને જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના આમુખ-૩ ના તા.૨૪/૦૨/૨૦૨૨ ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. જે મુજબ ફડચા અધિકારશ્રીએ તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ ફડચાનો ચાર્જ સંભાળી ચાર્જ યાદી અત્રે મોકલી આપેલ હતી. ફડચા અધિકારીશ્રીએ ફડચા અન્વયેની કામગીરી પૂર્ણ કરાવીને ઓડીટ અહેવાલ રજુ કરેલ છે. દેવા લ્હેણાનો નિકાલ કરી તેમજ સરવૈયું શુન્ય કરીને તા.૧૭/૦૨/૨૦૨૨ સુધીનું અંતિમ ઓડીટા કરાવી જે અન્વયે ફડચા અધિકારીએ આમુખ-પના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત પોતાના સ્પષ્ટ અભિપ્રાય સહ રજુ કરેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ દરખાસ્તની વિગતો જોતાં ફડચાની પુર્ણ થયેલ છે. આ મંડળીનું કોઈ સરકારી લેણું બાકીમાં નથી. ફડચા ફી/ઓડીટ ફી સરકારશ્રીમાં જમા કરાવી દેવા-લેણાંની કામગીરી પુર્ણ કરેલ છે.

આમ, ફડચા અધિકારીએ રજુ કરેલ નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત અને વંચાણે લીધેલ આમુખ-૧ની જોગવાઈઓ ધ્યાને લેતાં સદર મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ.આર.ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ બનાસકાંઠા, અમોને વંચાણે લીધા આમુખ-૨ ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ તેમજ પ્રસ્તાવનામા જણાવેલ વિગતો મુજબ, **ધી અભિનવ ભારતી પરિવારના કર્મચારીઓની ધિરાણ-ગ્રાહક સહકારી** મંડળી લી. મુ.તેરવાડા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા (નોંધણી ક્રમાંક : ૧૯૨૯૨, તા.૦૩/૦૧/૧૯૮૬) ની ગુજરાત **સહકારી** મંડળી અધિનિયમ; ૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે, આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત જાહેર કરી, સહકારી કાયદાની કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે. સદરહું હુકમ તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાલનપુર તા.૦૨જી એપ્રિલ ૨૦૨૬

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ -૧૧૪(૧) અને કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક -જી.એચ. કે.એચ./૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક-ફડચ/૦૧/ગ/૨૧૬૩/ફ-૧૯૯૫૧/૨૦૨૧, તા.૨૨/૧૦/૨૦૨૧.

(૪) સબ ઓડીટર ગ્રેડ-૨, સ.મં.વડગામનો તા.૩૧/૧૨/૨૦૨૦ નો અંતિમ ઓડીટ અહેવાલ.

(૫) ફડચા અધિકારીશ્રી, ધી ખીમાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.ખીમાણા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠાના તા.૨૯/૧૧/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : સ.અ./ફડચ/૦૧/ગ/૨૫૨/૨૦૨૨ થી રજુ થયેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ/૧૧૦/૭૬૦/૨૦૨૬.- ધી ખીમાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.ખીમાણા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા કે જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના નોંધણી ક્રમાંક : ૨૯૦૯૧, તા.૦૧/૦૩/૧૯૯૭ થી નોંધાયેલ અને જિલ્લા રજિસ્ટ્રાર, મંડળીઓ, પાલનપુરના આમુખ-૩ ના તા.૨૨/૧૦/૨૦૨૧ ના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરવામાં આવેલ હતો. જે મુજબ ફડચા અધિકારશ્રીએ તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ ફડચાનો ચાર્જ સંભાળી ચાર્જ યાદી અત્રે મોકલી આપેલ હતી. ફડચા અધિકારીશ્રીએ ફડચા અન્વયેની કામગીરી પૂર્ણ કરાવીને ઓડીટ અહેવાલ રજુ કરેલ છે. દેવા લ્હેણાનો નિકાલ કરી તેમજ સરવૈયું શુન્ય કરીને તા.૨૪/૧૧/૨૦૨૨ સુધીનું અંતિમ ઓડીટ કરાવી જે અન્વયે ફડચા અધિકારીએ આમુખ-૫ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત પોતાના સ્પષ્ટ અભિપ્રાય સહ રજુ કરેલ છે. ફડચા અધિકારીએ રજુ કરેલ દરખાસ્તની વિગતો જોતાં ફડચાની પુર્ણ થયેલ છે. આ મંડળીનું કોઈ સરકારી લેણું બાકીમાં નથી. ફડચા ફી/ઓડીટ ફી સરકારશ્રીમાં જમા કરાવી દેવા-લેણાંની કામગીરી પુર્ણ કરેલ છે.

આમ, ફડચા અધિકારીએ રજુ કરેલ નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત અને વંચાણે લીધેલ આમુખ-૧ની જોગવાઈઓ ધ્યાને લેતાં સદર મંડળીની નોંધણી રદ કરવાનું ઉચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ.આર.ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ બનાસકાંઠા, અમોને વંચાણે લીધા આમુખ-૨ ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂએ તેમજ પ્રસ્તાવનામા જણાવેલ વિગતો મુજબ, ધી ખીમાણા ફળ અને શાકભાજી ઉત્પાદન સહકારી મંડળી લી. ખીમાણા તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા (નોંધણી ક્રમાંક : ૨૯૦૯૧, તા.૦૧/૦૩/૧૯૯૭) ની ગુજરાત સહકારી મંડળી અધિનિયમ; ૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે, આ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત જાહેર કરી, સહકારી કાયદાની કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવે છે. સદરહું હુકમ તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાલનપુર તા.૦૨જી એપ્રિલ ૨૦૨૬

એમ.આર.ત્રિવેદી
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ બનાસકાંઠા
પાલનપુર

નોંધણી પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDRSE202603536.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જય ધનશ્યામ સેવા સહકારી મંડળી લિ., મુ.વિરમગામ તા.વિરમગામ, જિ.અમદાવાદ

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા.૨૪મી માર્ચ ૨૦૨૬

મેહુલકુમાર એસ. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (ગ્રામ્ય)
અમદાવાદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.23 11:19:32 IST